

## બાયડ તાલુકાના ગાબટમાં શોર્ટસર્કિટથી મકાન બડીને ખાખ

ગાબટ ગામે આવેલ નીલકંઠ મહાદેવના મંદિર પાસે આવેલ કેશાભાઈ પંડ્યાના મકાનમાં રવિવાર રાત્રીના સુમારે અચાનક જ આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. ગામના અગ્રણી કાળાભાઈ રાઠોડે જણાવ્યું કે ગામમાં આગ લાગતા આગ ઓલવવા માટે સમગ્ર ગામ દોડી પોહોચી પાણીનો છંટકાવ કર્યો હતો. કલ્લાકોની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવી શકાયો હતો. આગ લાગવાને લઈ લાખ્ખો રૂપીયાનો માલ સામાન બળીને ખાક ગઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં આગ શોર્ટસંકીટથી આગ લાગી હોવાનું બહાર આવ્યું છે.

# મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં તાપમાન ૪૨.૫ ડિગ્રી

## ફૂટપાથ, ખુલ્લા મેદાનોમાં રહેતા લોકો અને પશુ-પક્ષીઓની હાલત કફોડી

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં ઉનાળાની ગરમી અસહ્ય બની રહી છે. જિલ્લાના વાતાવરણમાં પલટો આવતા જિલ્લાવાસીઓએ ગરમીથી રાહત મળતા હાશકારો અનુભવ્યો હતો. આજે સોમવારે પુનઃ કાળઝાળ ગરમીએ રોદ્ર સ્વરૂપ ધારણ કરતા ૪૨.૫ ડિગ્રી તાપમાન થતા મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં લોકો તોબા પોકારી ઉઠ્યા હતા. જેની સૌથી વધારે અસર નાના બાળકો, વૃદ્ધો તેમજ હોસ્પિટલના બિમાર દર્દીઓને થઈ હતી. તેમજ ફૂટપાથ, ખુલ્લા મેદાનોમાં રહેતા શ્રમજીવીઓની ૪૨.૫ ડીગ્રી તાપમાનમાં કફોડી હાલત થવા પામતા લૂ લાગવાના, તાવ આવવાના, ચક્કર આવવાના અને બિમાર પડવાના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થયો છે.

અરવલ્લી જિલ્લાના પ્રજાજનો સહિત મોડાસાના શહેરીજનો ગરમીનો સામનો કરવા બુકાનીધારી રૂમાલ લગાડી, ટોપી, ગોગલ્સ પહેરીને બહાર નીકળવાનો વારો આવ્યો છે. બજારમાં ટોપી, ગોગલ્સની એસેસરીનો સામાન પણ મોંઘા ભાવે વેચાવા માંડ્યો છે. એટલુ જ નહી ઘરોમાં, સરકારી કચેરીઓમાં એસી, પંખા, કૂલરો ધમધમતા થતા વીજપુરવઠામાં અનિયમન જોવા મળી રહ્યુ છે. બપોરે રસ્તાઓ પર જનતા કરફ્યુ જેવો માહોલ જણાય છે. ભર તાપમાં કારણ વગર બહાર જવાનુ લોકો ટાળે છે. કાળઝાળ ગરમીમાં તરબૂચ, દ્રાક્ષ, સક્કરટેટી જેવા ઉનાળા ફળો ઉપરાંત ઠંડા પીણા, આઈસક્રીમ, શેરડીનો રસ, બરફના ગોળા, જ્યુસની બોલબાલા વધી છે. જેને કારણે વેપારીઓ ભાવ વધારો કરતા અને ઘરાકી બમણી થતા વેપારીઓ અને ફેરીયાઓને તડાકો બોલાઈ ગયો છે.



અત્રે ઉલ્લેખનીય છે કે સીમેન્ટના વધતા જંગલોના કારણે અને વધતા જતા શહેરીકરણને કારણે ગરમીનુ પ્રમાણ ક્રમશઃ વધી રહ્યું છે. જિલ્લા સહિત મોડાસા શહેરમાં આડેધડ વૃક્ષોનુ નિકંદન થતા ગરમીનો પ્રકોપ વધારે જોવા મળી રહ્યો છે.

## ડીસા એલસીબી દ્વારા નવાગામ ચેક પોસ્ટ ઉપરથી વિદેશી દારૂ સાથે એક ઈસમ ધરપકડ

ડીસા, તા. ૧૫

નીરજકુમાર બડગુજર પોલીસ અધિક્ષક બનાસકાંઠા, પાલનપુરની સૂચના મુજબ પો.ઈન્સ. જે.એચ. સિંઘવ તથા એલસીબી સ્ટાફના બિલાલભાઈ, ગણપતલાલ, વિનોદભાઈ, રાજેશકુમાર, દશરથસિંહની ટીમે ડીસા રૂરલ પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા અને તે દરમ્યાન એલસીબી સ્ટાફના બિલાલભાઈને મળેલ હકીકત આધારે ડીસા પાટણ રોડ નવાગામ ચેકપોસ્ટ ઉપર નાકાબંધી કરી સિફ્ટ ડિઝાયર ગાડી નં. જીજે૧. કેજી.૨૭૩૩નો ચાલક દિનેશભાઈ ચમનાજી માજીરાણા રહે. મૈત્રીવાડા તા. રાણીવાડા, રાજસ્થાનવાળો સિફ્ટ ગાડીમાંથી વિદેશી દારૂ-બિયર બોટલ કુલ ૧૯૫ કિ. રૂ. ૭૮ હજાર તથા સિફ્ટગાડીની કિ. રૂ. ૫ લાખ તથા બે મોબાઈલ નંગ ૨ કિ. રૂ. ૫૫૦૦ એમ કુલ મુદ્દામાલ કિ. રૂ. ૫,૮૩,૫૦૦નો મુદ્દામાલ મળી આવેલ હોય તેમજ ચાલક પકડાય જઈ ગુનો કરેલ હોય સદરે વિરૂદ્ધ ડિસા રૂરલ પો.સ્ટે. કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



## અરવલ્લી જિલ્લામાં રમાતો લાખ્ખો રૂપિયાનો ક્રિકેટ સટ્ટો

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં ઈન્ડિયન પ્રિમિયર લીગની ૧૦મી સીઝન અંતિમ ચરણોમાં પહોંચતા જિલ્લામાં આઈપીએલની મેચો પર સટ્ટો રમાડતા બુકીઓ અને સટ્ટોડીયાઓ વોટ્સઅપ અને અન્ય એપની મદદથી ઓનલાઈન સટ્ટો ખેલવામાં વ્યસ્ત થઈ ગયા છે. અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરમાં એક દિવસમાં લાખ્ખો રૂપિયાના સોદા થતા હોવાનુ જાણવા મળી રહ્યુ છે. સટ્ટાના ચક્કરમાં જિલ્લા અને મોડાસા શહેરના અનેક યુવાનો દેવાદાર વ્યાજના ચક્કરમાં અને ચોરી-લૂંટના રવાડે ચડી ગયા હોવાના અગાઉ અનેક બનાવો સામે આવ્યા હતા.

આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ હાલમાં આઈપીએલ ક્રિકેટ મેચો અંતિમ ચરણમાં હોવાથી ક્રિકેટ મેચમાં સટ્ટોડિયાની સટ્ટા રમાડવાની સિઝન પૂરબહારમાં ખીલી છે. જેમાં સમગ્ર સટ્ટા લાઈનની વાત કરવામાં આવે તો ક્રિકેટ સટ્ટાનુ નેટવર્ક હોય છે. જેમાં એક ગ્રાઉન્ડ લાઈન હોય છે જેને બોબડી લાઈન તરીકે પણ ઓળખવામાં આવે છે. આ બોબડી લાઈન દ્વારા અલગ ભાવ આપવામાં આવે છે. અને આ આઈપીએલ મેચની દરેક મેચમાં પહેલી પારીમાં ૪ સેશન હોય છે. સેશન અને મેચ પર સટ્ટો રમાતો હોય છે. સમગ્ર મેચ દરમિયાન જે વ્યક્તિ મેચ જીતે છે તેમને સવારે ૯ વાગે બુકીઓ પૈસા પણ આપી દે છે. પરંતુ જો હારી જાય છે તેમને નિશ્ચિત કરેલા સ્થળે પૈસા આપી દેવાના હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ સટ્ટામાં હારી જાય ત્યારે બુકીઓ દ્વારા કે સટ્ટાના વહીવટદારો દ્વારા પૈસાની ભરપાઈ કરવા માટે સટ્ટાના ખપ્પરમાં હોમાયેલા યુવાનોને ધમકાવવામાં આવે છે અને સટ્ટામાં હારેલો યુવાન વ્યાજે પૈસા લેવા માટે અથવા ચોરીના રવાડે ચઢી બરબાદ થઈ જાય છે.

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા કેટલાક સટ્ટોડીયાઓને અગાઉના વર્ષોમાં રેઈડ કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધા છે. ત્યારે ચાલુ સાલે આઈપીએલની અંતિમ ચરણમાં પરાકાષ્ટાએ પહોંચેલા સટ્ટો રમાડતા અને સટ્ટોડીયાઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તે ખૂબજ જરૂરી છે. જિલ્લાના કેટલાક શહેરોમાં પાનના ગલ્લાઓ પર ખુલ્લેઆમ સટ્ટો રમવાની અને ભાવ લખવાની અને સટ્ટાની હાર-જીતના રકમની લેવડ-દેવડ કરવામાં આવતી હોવાનુ આધારભૂત સુત્રો પાસેથી જાણવા મળ્યુ હતુ. તદ્ઉપરાંત કેટલાક વિસ્તારોમાં રૂમ રાખી અને ફાર્મહાઉસ પર પણ સટ્ટો રમાઈ રહ્યો છે. પાનના ગલ્લા પર ચીજવસ્તુઓ ખરીદવા જતા યુવાધન સટ્ટોડીયાઓની રમત જોઈ સટ્ટો રમવા પ્રેરાયા હોય તેવી અનેક ઘટનાઓ બની રહી છે.

## દિયોદરી બાણમાતાજીનો દસમો પાટોત્સવ રંગેચંગે પૂર્ણ

દિયોદર, તા. ૧૫

ભવ્ય રાસ ગરબા અને શોભાયાત્રા સાથે અગિયાર કુંડી યજ્ઞ નોગોહ, લૂણી, લણતુકા, કાછેલા પરિવારના કુળદેવી આઈશ્રી દેવલ-બોણ માતાજીના દસમા પાટોત્સવનું



સાથે દિયોદર ખાતે બિરાજમાન બાણેશ્વરી માતાજીના દસમા પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રબારી સમાજના ભવ્ય આયોજન તા. ૯ અને ૧૦ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં જેમાં તા. ૯ના રોજ રાત્રે રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું.

## પાંતિજ પોલીસે ચોરીના બાઈક સાથે બાઈક ચોરને ઝડપ્યો

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ પોલીસે દલાની મુવાડી પાસેથી ચોરીના બાઈક સાથે બાઈકચોરને પકડયો હતો અને વધુ પુછપરછ કરતાં બીજા ૧૩ બાઈક ચોરી કરી વેચાણ કર્યાની કબુલાત કરતા પોલીસે વેચાણ કરેલ બાઈક પણ કબજે કર્યા.



પ્રાંતિજ પી.આઈ ટી. બી. રાઠોડ તેમણી પોલીસ ટીમ વિજયસિંહ, મદનસિહ, રાજેન્દ્રસિંહ દલાની મુવાડી પાટીયા પાસેથી નીકળી રહ્યાં હતાં તે સમયે બાઈકચોર કાળા કલરનુ નંબર પ્લેટ વગરનુ બાઈક લઈને જઈ રહ્યો હતો તે સમયે પોલીસને જોઈને આગો પાછો થતાં પોલીસને વહેમ જતાં તપાસ કરતાં તેની પુછપરછ કરતાં તેની પાસે રહેલ બાઈક ચોરીનુ માલુમ થતાં અને પોતે રાસલોડ ગામનો રહેવાસી સંજય ઉર્ફે લાલો જગદીશભાઈ બજાણીયાં ઉ. વર્ષ-૧૬ પોતે સગીર વયનો હોવાનું માલુમ પડતાં તેણે પ્રાંતિજ પોલીસ દ્વારા નજર કેદ કર્યો હતો અને વધુ પુછપરછ કરતાં તેણે વધુ ૧૩ બાઈક ગાંધીનગર, અમદાવાદ, દહેગામ, માણસા, ધનસુરા વગેરે સ્થળેથી બાઈકચોરી કરી હિંમતનગર, પ્રાંતિજ સહિત તાલુકામાં વેચાણ કર્યા હોવાનું કબુલ કરતાં પ્રાંતિજ પોલીસે વેચાણ કરેલ ૧૩ બાઈકો વેચાણ કરેલ માલિકો પાસેથી બાઈકો પોલીસે કબજે કરી કુલ-લાખ ૨૫૦૦૦નો મુદ્દામાલ બાઈક કબજે કર્યો હતો જ્યારે પ્રાંતિજ પોલીસે આરોપી અન્ય ગુનાઓમાં સંડોવાયેલ છે કે નહી તેની પુછપુરછ હાથ ધરી હતી છે.



## બાયડના અલવા નજીક અકસ્માતમાં એકનું મોત : બે ઘાયલ

બાયડ તાલુકાના અલવા નજીક સોમવાર સાંજના સુમારે કાર તથા ટ્રક વચ્ચે અકસ્માત થતાં એકનું મોત નીપજ્યું હતું. જ્યારે બે ને ઈજાઓ પહોચી હતી. ઈજાગરસતોને સારવાર માટે વાત્રક ખસેડવામાં આવ્યા હતા. બાયડ તાલુકાના અલવા નજીક આવેલ પુલ ઉપર માટેલા સાંઢની જેમ આવેલ ટ્રકે ટક્કર મારતા સોમવારના રોજ અમદાવાદથી આવતી કાર તથા ટ્રક વચ્ચે અકસ્માત થતાં એકનું ઘટના સ્થળ ઉપર મોત નીપજ્યું હતું. જ્યારે બે ને ઈજાઓ પહોચતા સારવાર માટે વાત્રક ખસેડવામાં આવ્યા હતા. જ્યારે કારને ટક્કર મારી ટ્રકચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે ઘટના સ્થળે પહોચી કાર્યવાહી હાથ ધરી હતી.

## પ્રાંતિજ શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે કુશલ બ્રહ્મભટ્ટની વરણી

પ્રાંતિજ, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ શહેર ભાજપ યુવા મોરચામા પ્રમુખ



તરીકે કુશલ શૈલેષભાઈ બ્રહ્મભટ્ટની વરણી કરવામાં આવતાં પ્રાંતિજ સહિત તાલુકાના યુવા મોરચામા ઉત્સાહ જોવાં મલ્યો હતો અને ભાજપ કાર્યકરો મિત્રો સહિત સગાસંબંધીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# મહેસાણા ખાતે સાયન્સ કોલેજ અને હોમિયોપેથિક દવાખાનાનું ઉદ્દ્ઘાટન

મહેસાણા, તા. ૧૫

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે આજે મહેસાણા જિલ્લાના મુક્તુપુર ખાતે શ્રી પી જે પટેલ નીલકંઠ સાયન્સ કોલેજના અદ્યતન માકાનનુ લોકાર્પણ તથા નામાભિધન કર્યુ હતુ અને સરકારી હોમયોપેથીક દવાખાનાનું ઉદ્દ્ઘાટન કર્યુ હતુ.

આ પ્રસંગે નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે વર્તમાન સરકાર શિક્ષણને પ્રાધાન્ય આપે છે અને છેવાડાની અને ગરીબ વ્યક્તિને પણ ઉચ્ચ શિક્ષણ મળે તે માટે કટિબધ્ધ છે. આ માટે દરેક તાલુકા દિઠ અનેક વિદ્યાશાખાના અભ્યાસ ક્રર્મો શરૂ કરવામા આવેલ છે. આજે મુક્તુપુર ખાતે શરૂ થયેલ આ સાયન્સ કોલેજમા ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે તે એક આનંદની વાત છે તેમ તેમને જણાવ્યું હતું.

પટેલે વધુમા જણાવ્યું હતું કે કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે સરકારે કન્યા કેળવણી સંપુર્ણ પણે ફી મુક્ત કરેલ છે અને કન્યા કેળવણી માટે સરકારે અનેકોવિધ યોજનાઓ પણ જાહેર કરેલ છે. આ સરકાર દ્વારા શિક્ષણ અને કેળવણીને ઉત્તેજન આપવા માટે ઓછા ખર્ચે જમીન અને અન્ય સગવડો પણ આપવામા આવે છે જેથી દરેક જગ્યાએ શિક્ષણનો વ્યાપ વધે અને ઘર આંગણે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થઈ શકે. રાજ્ય સરકારે શિક્ષણની જે નવી નીતી બનાવેલ છે તેનાથી શિક્ષણને પ્રોત્સાહન મળવાની સાથોસાથ તેના ફી અને અન્ય ખર્ચામા પણ નિયંત્રણ આવશે.



## હિંમતનગર સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા જીવનસાથી પરીચય પસંદગી સમારોહ યોજાશે

ભિલોડા,તા.૧૫

હિંમતનગર સમસ્ત બ્રહ્મ સમાજ ધ્વારા જીવનસાથી પરીચય પસંદગી સમારોહ યોજાશે.હિંમતનગર સમસ્ત બ્રહ્મ સમાજ પ્રમુખ પ્રફુલ્લભાઈ વ્યાસ,ચેરમેન અતુલભાઈ દિક્ષીત,મહામંત્રી મુકેશભાઈ જાની,વા.ચેરમેન વસંતભાઈ જી.મહેતા,કમલેશભાઈ મહેતા,નિલેશભાઈ જોષી,કારોબારી સભ્યો, સહિત હોદ્દેદારોના જણાવ્યા મુજબ યુવક,યુવતીઓની પસંદગી મેળો યોજાશે તેમ જણાવ્યું હતું. લગ્ન તો સ્વર્ગમાં જ નક્કી થઈ ગયા હોય છે પરંતુ જરૂર છે કે કોના કોની સાથે નક્કી થયા છે તે શોધવાની અને બે વ્યક્તિઓને નજીક લાવવાનું માધ્યમ ઉભુ કરવાની સમસ્ત બ્રહ્મ સમાજના પરીવારો માટે માધ્યમ બની રહ્યું છે.

## મેઘરજમાં અરવલ્લી જિલ્લા ભારતીય યુવા મોરચા દ્વારા છાશ અને ઠંડા પાણીનું વિતરણ કરાયુ

મેઘરજ, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં સોમવારના રોજ અરવલ્લી જિલ્લા ભારતીય યુવા મોરચા દ્વારા છાશ અને પાણી વિતરણ અભિયાન કાર્યક્રમ અંતર્ગત છાશ અને પાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં નગરની અને આજુબાજુના ગામડાની પ્રજાએ છાશ અને ઠંડા પાણીનો લાહવો લીધો હતો.



મેઘરજ નગરમાં સાબરકાંઠા બેંક પાસે ગુજરાત રાજ્યના તમામ ૫૮૬ જેટલા મંડલમાં દેહ દજાડતી કાળઝાળ ગરમીમાં પ્રજાને ગરમીમાં રાહત મળે તેવા મુખ્ય આશયથી તા. ૧૫ મે થી ૧૭ મે સુધી અરવલ્લી જિલ્લા ભારતીય યુવા મોરચા દ્વારા છાશ અને ઠંડા પાણી વિતરણ અભિયાન કાર્યક્રમ અંતર્ગત મેઘરજ મંડલમાં મેઘરજ ખાતે છાશ અને ઠંડા પાણી વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટા ભાગના લોકોએ છાશ અને પાણીનો લાહવો લીધો હતો.

આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના પ્રદેશમંત્રી હિમાંશુભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા યુવા મોરચાના પ્રમુખ પ્રશાંતભાઈ પટેલ, મહામંત્રી જયદિપસિંહ, મેઘરજ ભાજપ પ્રમુખ એન.કે. પટેલ અને યુવા મોરચાના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા અને છાશ તેમજ ઠંડા પાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧